# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 06-05-2026** **EVENING: 7.10 TO 7.20**
**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

***************************************************

1) રાજ્યમાં પહેલી જૂનથી વસતિ ગણતરીનો પ્રથમ તબક્કો શરૂ થશે.
2) ગુજરાત બોર્ડની ધોરણ-10ની પરીક્ષાનું 83.86 ટકા પરિણામ.
3) સીધું વિદેશી રોકાણ મેળવવામાં ગુજરાત દેશમાં ત્રીજા ક્રમે.
4) સુરતમાં ગેરકાયદે ગર્ભપરીક્ષણ અને ગર્ભપાત કરતી ખાનગી હોસ્પિટલને સીલ કરાઈ.
5) કચ્છ અને સૌરાષ્ટના જિલ્લાઓમાં આજે માવઠાની આગાહી.
6) IPL ક્રિકેટની ફાઇનલ મેચ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાશે.

..............................................................

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)
હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# CENSUS

રાજ્યમાં પહેલી જૂનથી વસતિ ગણતરીનો પ્રથમ તબક્કો શરૂ થશે. રાજ્ય સરકારના ગેજેટ મુજબ 30 જૂન સુધી હાઉસ લિસ્ટિંગ ઓપરેશન હાથ ધરાશે. આ તબક્કામાં દરેક મકાન, રહેણાંક એકમ તેમજ ઘરેલુ માહિતી એકત્રિત કરવામાં આવશે અને પરિવારદીઠ આશરે 33 પ્રશ્નો પૂછવામાં આવશે. મકાનોની ગણતરી શરૂ થાય તે પહેલાં નાગરિકોને પોતાની માહિતી જાતે જ નોંધાવવાની તક અપાશે. તે અનુસાર 17 મે થી 31 મે દરમિયાન “સેલ્ફ એન્યુમેરેશન” પ્રક્રિયા હાથ ધરાશે, જેમાં લોકો પોતાની માહિતી જાતે જ નોંધી શકશે.

# GSEB RESULT

**ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે ધોરણ-10નું પરિણામ જાહેર કરાયું છે. આ વર્ષે 83.86 ટકા પરિણામ આવ્યું છે. રાજ્યમાં સૌથી વધુ 90.85 ટકા પરિણામ સાથે નર્મદા જિલ્લો પ્રથમ ક્રમે છે. ત્યારે આ અંગે જિલ્લા શિક્ષણ અધિકારી કિરણબેન પટેલે આ સફળતાને શિક્ષકો અને વિદ્યાર્થીઓના કઠોર પરિશ્રમનું પરિણામ ગણાવી.**

**(BYTE : KIRAN PATEL, DEO)**

**આજે જાહેર કરાયેલા પરિણામ અંગે સાંભળીએ એક અહેવાલ..**

**(VOICE CAST : MAYUR SOLANKI)**

*(આ વર્ષે કુલ 7 લાખ 56 હજાર 392 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાં 6 લાખ 34 હજાર 327 વિદ્યાર્થી પ્રમાણપત્રને પાત્ર બન્યા હતાં. સૌથી વધુ પરિણામ નર્મદા જિલ્લાનું જ્યારે પંચમહાલ જિલ્લાનું સૌથી ઓછું 76.42 ટકા પરિણામ આવ્યું છે. ગાંધીનગર જિલ્લાનું આજોલ કેન્દ્ર 100 ટકા પરિણામ સાથે રાજ્યમાં પ્રથમ ક્રમે રહ્યું. જ્યારે દાહોદ જિલ્લાના મુનખોસલા કેન્દ્રનું સૌથી ઓછું 33.74 ટકા પરિણામ આવ્યું છે. રાજ્યની એક હજાર 697 શાળાઓનું 100 ટકા પરિણામ આવ્યું છે જ્યારે 164 શાળાઓનું પરિણામ 30 ટકા કરતાં ઓછું રહ્યું છે. આ વર્ષે કુલ 35 હજાર 508 વિદ્યાર્થીઓએ A1 ગ્રેડ પ્રાપ્ત કર્યો છે.*

*મયુર સોલંકી આકાશવાણી સમાચાર અમદાવાદ)*

# DISTRICT WISE BOARD RESULT

આજે જાહેર કરાયેલા પરિણામમાં ગીર સોમનાથ જિલ્લાનું 82.34 ટકા પરિણામ આવ્યું છે. ઉલ્લેખનીય છે 11 હજાર 512 વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છે.

તો કચ્છ જિલ્લો 84.64 ટકા પરિણામ સાથે મોખરે રહ્યો છે. બોર્ડ કરતાં પણ 0.78 ટકા વધારે પરિણામ મેળવવા સાથે રેકોર્ડ બ્રેક 662 વિદ્યાર્થીઓએ 'એ-વન' ગ્રેડ મેળવી ઈતિહાસ રચ્યો છે.

ડાંગ જિલ્લાના ધોરણ 10 નું 88.17 ટકા પરિણામ આવ્યું છે અને રાજ્યમાં છઠ્ઠા ક્રમે રહ્યો છે.

ભાવનગર જિલ્લાના શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ સંકુલે સો ટકા પરિણામ સાથે અનોખી સિદ્ધિ હાંસલ કરી છે.

મહીસાગર જિલ્લામાં 12 હજાર 203 વિદ્યાર્થીઓએ પરીક્ષા પાસ કરી છે. જિલ્લામાં A1 ગ્રેડમાં 285 વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.

વલસાડ જિલ્લામાં 79.80 ટકા અને નવસારીમાં 84.61 ટકા પરિણામ આવ્યું છે. સાબરકાંઠા જિલ્લાનું ધોરણ-10નું 82.91 ટકા પરિણામ જાહેર થયુ.

પંચમહાલ જિલ્લામાં ગતવર્ષની સરખામણીમાં જિલ્લામાં 2.82 ટકાનો નોંધપાત્ર વધારો: A1 ગ્રેડમાં 121 વિદ્યાર્થીઓ વધ્યા.

# GUJARAT FDI

સીધું વિદેશી રોકાણ-FDI મેળવવામાં ગુજરાત દેશમાં ત્રીજા ક્રમે રહ્યું છે. કેન્દ્ર સરકારના આંકડા અનુસાર એપ્રિલ-2025થી ડિસેમ્બર-2025 દરમિયાન ગુજરાતે આશરે 44 હજાર 41 કરોડ રૂપિયા જેટલું જંગી વિદેશી રોકાણ આકર્ષ્યું છે. રાજ્યના FDIમાં અડધાથી વધુ, 52 ટકા હિસ્સો મોટા અમદાવાદ જિલ્લાનો છે. રાજ્યને ત્રણ જ મહિનામાં 23 હજાર 699 કરોડ રૂપિયાનું વિદેશી રોકાણ પ્રાપ્ત થયું છે. ગુજરાતે છેલ્લા 25 વર્ષમાં કુલ 3 લાખ 91 હજાર 613 કરોડ રૂપિયાનું વિદેશી રોકાણ મેળવ્યું છે. દેશમાં આવેલા કુલ રોકાણનું 15 ટકા રોકાણ ગુજરાતમાં થયું છે.

# SURAT HOSPITAL

સુરતમાં ગેરકાયદે ગર્ભપરીક્ષણ અને ગર્ભપાત કરતી ખાનગી હૉસ્પિટલનો ફાર્માસિસ્ટ ઝડપાયો છે. આ અંગે વધુ માહિતી આપતા આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરિયાએ જણાવ્યું, વરાછા વિસ્તારમાં આરોગ્ય વિભાગે ઓચિંતો દરોડો પાડ્યા બાદ સમગ્ર મામલો સામે આવ્યો હતો. આરોગ્ય વિભાગે તાત્કાલિક કાર્યવાહી કરીને હૉસ્પિટલને સીલ કરી દીધી છે. જ્યારે પોલીસે ફાર્માસિસ્ટ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**(BYTE : PRAFUL PANSERIYA, HEALTH MINISTER)**

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **newsonair.gov.in/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલૉ કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

# BJP MEET

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ગુજરાત પ્રવાસને લઈને ગાંધીનગર ભાજપ કાર્યાલય ખાતે બેઠક યોજાઇ. પ્રદેશ મહામંત્રી અનિરુદ્ધ દવેની અધ્યક્ષતામાં યોજાયેલી આ બેઠકમાં સૌરાષ્ટ ઝોનના ધારાસભ્ય, જિલ્લા પ્રમુખ અને જિલ્લા મહામંત્રી હાજર રહ્યા હતાં. બેઠક દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સોમનાથ મુલાકાતની રૂપરેખા અંગે મંથન થયું.

ઉલ્લેખનીય છે કે પ્રધાનમંત્રીના પ્રવાસને પગલે ભાજપ પાર્લામેન્ટરી બોર્ડની બેઠક મુલતવી રાખવામાં આવી છે.

# ST DIGITAL

રાજ્યનું ST નિગમ પણ હવે કેશલેસ બની રહ્યું છે. હવે બસોની 30 ટકા આવક હવે ડિજિટલ પેમેન્ટથી થાય છે. સત્તાવાર યાદીમાં જણાવ્યા પ્રમાણે રાજ્યમાં 8 હજારથી વધુ બસમાં ડેબિટ કાર્ડ, ક્રેડિટ કાર્ડ અને યુપીઆઇ દ્વારા ઓનલાઇન બૂકીંગ, મોબાઇલ એપ અને કરંટ બૂકીંગ દ્વારા ડિજિટલ પેમેન્ટની વ્યવસ્થા કરવામાં આવી છે. ત્યારે રાજ્યભરમાં હવે હજારો મુસાફરોને મુસાફરી દરમિયાન રોકડ રાખવાની જરૂર ન રહેતી હોવાનું ST નિગમના વિભાગીય નિયામક જે.બી.કારોતરાએ જણાવ્યું.

**(BYTE: J B KAROTARA, DEPARTMENTAL DIRECTOR)**

# WEATHER

કચ્છ અને સૌરાષ્ટના જિલ્લાઓમાં આજે માવઠાની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર કચ્છ, મોરબી, રાજકોટ, અમરેલી, ભાવનગર અને બોટાદ જિલ્લાઓમાં કમોસમી વરસાદની શક્યતા છે. આગામી ત્રણ દિવસ દરમિયાન તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નથી જોકે ત્યારબાદ તાપમાન બે થી ત્રણ ડિગ્રી સેલ્સિયસ સુધી વધવાની સંભાવના હોવાનું હવામાન વિભાગના નિયામક ડૉ.એ.કે.દાસે જણાવ્યું.

**(BYTE : DR. A K DAS, IMD DIRECTOR)**

# RAJKOT LEGAL HELP DESK

રાજકોટ જીલ્લા કાનૂની સેવા સત્તામંડળ દ્વારા "લીગલ હેલ્પ ડેસ્ક" શરૂ કરવામાં આવ્યું છે. જેમાં કેદીઓ અને તેમના મુલાકાતીઓને કાનૂની સહાય તેમજ માર્ગદર્શન, જેલની મુલાકતે આવતા પરિવારના સભ્યોને આરોપીના જામીન, અપીલ તેમજ કેસની સ્થિતિ અંગે માર્ગદર્શન આપવામાં આવશે. આ "લીગલ હેલ્પ ડેસ્ક"માં જીલ્લા કાનૂની સેવા સત્તામંડળ, રાજકોટના એક પેરા લીગલ વોલન્ટીયર સવારે 9 થી બપોરે 12 સુધી અને બપોરે 3 થી સાંજના 6 સુધી સપ્તાહના સોમવાર થી શનિવાર સુધી સેવા આપશે.

# IPL FINAL

ઇન્ડિયન પ્રીમિયર લીગ 2026 ની ફાઇનલ મેચ 31 મેના રોજ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાશે. જ્યારે ધર્મશાલા-ચંદીગઢમાં નોકઆઉટ મેચ રમાશે. આ સિઝનમાં 5 મે સુધીમાં 48 મેચ રમાઈ ચૂકી છે. 70 મેચ રમાયા બાદ પ્લેઓફ મુકાબલા યોજાશે. જેમાં ક્વોલિફાયર-1 ધર્મશાલામાં 26 મેના રોજ રમાશે. તેમાં પોઈન્ટ્સ ટેબલની ટોચની બે ટીમો સામસામે હશે. ચંદીગઢના ન્યૂ ઇન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં 27 મેના રોજ એલિમિનેટર અને 29 મેના રોજ ક્વોલિફાયર-2ની મેચ રમાશે.

# KUTCH BOAT

કચ્છ જિલ્લામાં ઘૂસણખોરીના વધતા જોખમો વચ્ચે સીમા સુરક્ષા દળ BSFને મોટી સફળતા મળી છે. હરામી નાળા અને ક્રીક વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન BSFએ એક બિનવારસી પાકિસ્તાની બોટ ઝડપી પાડી છે. પ્રાથમિક તપાસમાં બોટમાંથી માછીમારી માટેના સાધનો અને જાળ મળી આવી છે. આ ઘટના બાદ સરહદી અને દરિયાઈ સુરક્ષામાં વધારો કરવામાં આવ્યો છે.

# BANASKANTHA AGRI. UNI.

સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના કઠોળ સંશોધન કેન્દ્રને રાષ્ટ્રીય સ્તરે પ્રતિષ્ઠિત 'બેસ્ટ સેન્ટર એવોર્ડ' પ્રાપ્ત થયો છે. બેંગલુરુ ખાતે આયોજિત ત્રણ દિવસીય રાષ્ટ્રીય ગ્રુપ મીટિંગ દરમિયાન, ICAR ના મહાનિદેશક ડૉ. એમ.એલ. જાટના હસ્તે આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. કઠોળના પાકોમાં ઉત્કૃષ્ટ સંશોધન, નવીન ટેક્નોલોજીના વિકાસ અને ખેડૂતો સુધી વૈજ્ઞાનિક પદ્ધતિઓ પહોંચાડવા બદલ આ સન્માન મળ્યું છે.

# AAP CANDIDATE DEMISE

ભરૂચની નેત્રંગ તાલુકા પંચાયતની બિલોઠી બેઠક પરથી આમ આદમી પાર્ટીના વિજેતા ઉમેદવાર ગુણવંત વસાવાનું આજે અવસાન થયું છે. 65 વર્ષીય ગુણવંત વસાવાની તબિયત અચાનક લથડતા તેમને સુરત ખાતે આવેલી ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું અવસાન થયું હતું. તેમના નિધનને કારણે હવે પંચાયતની એક બેઠક ખાલી પડી છે, જેનાથી તાલુકા પંચાયતના રાજકીય સમીકરણોમાં ફેરફાર થવાની શક્યતા છે.

# MASALA TRAIN

મહેસાણાથી મસાલા ભરેલી પહેલી ટ્રેન આસામ જવા માટે આજે રવાના થઈ છે. મહેસાણા સ્ટેશનથી પૂર્વોત્તર સીમાંત રેલવેના રગિયા મંડળમાં આવેલ આસામના અજારા સ્ટેશન માટે 4 હજાર 200 ક્વિન્ટલ જીરૂંથી લોડેડ પહેલી ‘ડીમ્ડ વીપી રેક’ સફળતાપૂર્વક લોડ કરીને રવાના કરવામાં આવી. આ સિદ્ધિ અમદાવાદ મંડળ માટે અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે, કેમ કે પહેલી વાર આ સેક્ટરમાં મસાલાઓનું સંગઠિત રેલવે લોડિંગ કરવામાં આવ્યું છે.

# SURENDRANAGAR RIVERFRONT

સુરેન્દ્રનગરમાં નાયબ મુખ્ય દંડક જગદીશ મકવાણાએ આજે વઢવાણ-ભોગાવો નદીના કાંઠે રિવરફ્રન્ટના ત્રીજા તબક્કાની કામગીરીનો પ્રારંભ કરાવ્યો. આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે, રિવરફ્રન્ટના પ્રથમ અને બીજા તબક્કાની સફળતા બાદ હવે ત્રીજા તબક્કાનું કામ શરૂ કરવામાં આવ્યું છે. બસ સ્ટેન્ડ પાછળના ભાગથી શરૂ કરી ગેબનશા પીર સુધીના અંદાજે ૩ કિલોમીટર લાંબા રિવરફ્રન્ટના વિકાસ માટે રૂ. 56 કરોડનો ખર્ચ કરવામાં આવશે. આ પ્રોજેક્ટ પૂર્ણ થતા શહેરના નાગરિકોને હરવા-ફરવા માટે એક સુંદર, નયનરમ્ય અને સુવિધાજનક સ્થળ ઉપલબ્ધ થશે.